## Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત


12073


Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer


25 નવેમ્બર, 2019

**શ્રી વિજયભાઈ રૂપાણી**
માનનીય મુખ્યમંત્રીશ્રી
ગુજરાત રાજ્ય
ગાંધીનગર

**વિષય: રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં બાંધકામ માટે આપવામાં આવતી રજાચિઠ્ઠીઓની મુદતમાં વધારો કરવા બાબત**

**માનનીય શ્રી,**

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તરફથી શુભેચ્છાઓ.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના સભ્યો તરફથી આપશ્રીએ ઉદ્યોગોને વિવિધ નીતિઓ હેઠળ જે છૂટછાટ આપેલ છે અને જે નિર્ણયો લીધા છે અમે તેને આવકારીએ છીએ.

હાલમાં માનનીય કેન્દ્રીય નાણાપ્રધાન શ્રીમતી નિર્મલા સીતારામણ દ્વારા જાહેર કરાયેલ હાઉસિંગ સેકટર માટે ₹25,000 કરોડના પેકેજને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના સભ્યો આવકારે છે જેથી સ્થગિત થયેલા હાઉસિંગ પ્રોજેકટ્સ ને વેગ મળશે.

સાહેબશ્રી, મધ્ય ગુજરાત વેપાર ઉદ્યોગ મંડળ (સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી) તરફથી અમોને રજુઆત મળેલ છે. જે મુજબ રાજ્ય ની ડેવલપમેન્ટ ઓથોરિટી, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ દ્વારા છેલ્લા અમુક વર્ષોમાં બાંધકામ માટે નવી મંજૂરી આપવામાં આવી છે, તેમાંથી અમુકજ બાંધકામ ચાલુ થયા છે અને અમુક કામો વિવિધ બાધાઓને કારણે શરૂ થઇ શક્યાં નથી. તેમની રજુઆત મુજબ રાજ્યમાં 2016 થી જે રજાચિઠ્ઠીઓ આપવામાં આવે છે, જો તેને આગામી 10 વર્ષ સુધી વિસ્તારવામાં આવે તો સ્થગિત થયેલા હાઉસિંગ પ્રોજેકટો સરળતાથી પૂર્ણ કરી શકાશે.

તેઓની રજુઆતને ધ્યાને લઇને અમે આપ સમક્ષ રજુઆત કરીએ છીએ કે રજાચિઠ્ઠીઓની મુદ્દત વિસ્તારવામાં આવે. જેથી માનનીય પ્રધાનમંત્રીશ્રીનું 2022 સુધી દેશના 'દરેક નાગિરક માટે ઘરનું ઘર' નું સ્વપન સાકાર થઈ શકે.

આપશ્રી અમારી રજૂઆતને ધ્યાને લઈને ઉચિત પગલાં લેશો તેવી આશાસહ.

આપનો વિશ્વાસુ

**દુર્ગેશ બુચ**

**પ્રમુખ**

બિડાણ : સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીનો પત્ર


Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

# Central Gujarat Chamber of Commerce & Industries
## મધ્ય ગુજરાત વ્યાપાર ઉદ્યોગ મંડળ

Chairman
**Bharat R. Gupta**
9825413877

President
**Jayendra N. Shah**
9825045454

Vice President
**Dakshay H. Thakkar**
9898028455

Hon. Secretary
**Nimesh V. Mehta**
9825011483

Jt. Hon. Secretary
**Dr. Rajesh K. Shah**
9327226888

Treasurer
**Sanjay K. Patel**
9909033836

I.P. President
**Kalpesh M. Shah**
9825007914

**Vanijya Bhavan**
Race Course,
Vadodara-390 007.
Phone : 2335141
Fax. 0265-2335142
E-mai : info@cgcci.in
Website : www.cgcci.in


૮૫/૪૮

GCCI
1 . . .
Inw. No. 2393

પ્રતિ, તા: ૦૭/૧૧/૨૦૧૯

શ્રી વિજયભાઈ રૂપાણી
માન. મુખ્ય મંત્રીશ્રી
ગુજરાત રાજય
ગાંધીનગર.

**વિષય :- રીયલ એસ્ટેટ સેકટરની હાલની મંદીને ધ્યાને લઈ ગુજરાતમાં બાંધકામક્ષેત્રે આપવામાં આવેલ રજાચિઠ્ઠીઓની મુદતમાં વધારો કરી આપવા બાબત.**

માનનીય સાહેબ ,

નમસ્કાર !

કુશળ હશો !

જયભારત સહ ઉપરોકત વિષયના અનુસંધાને સવિનય જણાવવાનું કે દેશના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને રીયલ એસ્ટેટમાં સ્થગિત થઈ ગયેલા ૧૬૦૦ જેટલા હાઉસીંગ પ્રોજેકટના ૪.૫૮ લાખ અધુરા મકાનો માટે રૂા. ૨૫૦૦૦ કરોડનું આર્થિક ભંડોળ આ ઉધોગ મંદીમાંથી બહાર આવી શકે તે માટે જાહેર કરેલ છે.

વધુમાં હાઉસીંગ સેકટરમાં સ્થગિત થઈ ગયેલા એફોર્ડેબલ અને મીડલ ઈન્કમ પ્રોજેકટસ પુરા કરવા માટે પ્રાથમિકતાના ધોરણે ધીરાણ આપવા સ્પેશિયલ વીન્ડોની પણ શરૂઆત કરેલ છે, જે આર્થિક મંદીનો સામનો કરી રહેલા દેશનાં રીયલ એસ્ટેટ સેકટર માટે સંજીવની સમાન છે.

Chairman
**Bharat R. Gupta**
9825413877

President
**Jayendra N. Shah**
9825045454

Vice President
**Dakshay H. Thakkar**
9898028455

Hon. Secretary
**Nimesh V. Mehta**
9825011483

Jt. Hon. Secretary
**Dr. Rajesh K. Shah**
9327226888

Treasurer
**Sanjay K. Patel**
9909033836

I.P. President
**Kalpesh M. Shah**
9825007914

**Vanijya Bhavan**
Race Course,
Vadodara-390 007.
Phone : 2335141
Fax. 0265-2335142
E-mai : info@cgcci.in
Website : www.cgcci.in

એફોર્ડેબલ અને મીડલ ઇન્કમ હાઉસીંગ સેકટરમાં સ્થગિત થઇ ગયેલા હાઉસીંગ પ્રોજેકટસ પુરા કરવા માટે પ્રાથમિકતાના ધોરણે ધીરાણ આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા સ્પેશીયલ વીન્ડોની શરૂઆત કરાશે, જેનાથી વૈકલ્પીક ફંડીંગ મીકેનીઝમથી નાણાના અભાવે સ્થગિત થઇ ગયેલા **૧૬૦૦ હાઉસીંગ** પ્રોજેકટના ૪.૫૮ લાખ અધુરા મકાનોનું નિર્માણ પુર્ણ કરવામાં મદદ મળી રહેશે અને આ માટે કેન્દ્ર સરકાર દ્વારા **રૂા. ૨૫૦૦૦ કરોડનું** ભંડોળ શરૂઆતના તબકકે ફાળવવામાં આવનાર છે, અન્ય સંસ્થાઓ આ ફંડમાં જેમ જોડાતી જશે તેમ ભંડોળની રકમમાં પણ વધારો કરવામાં આવશે તેમ માન. નાણામંત્રીશ્રીએ જણાવેલ છે.

આ ઉપરાંત રેરામાં જે અધુરા પ્રોજેકટ છે તેમને એક પ્રોફેશનલ એપ્રોચ સાથે મદદ કરાશે.

પ્રોજેકટ પુરો કરવાના અંતિમચરણ સુધી આ ભંડોળમાંથી મદદ કરાશે તેનો અર્થ એ થાય છે કે જો પ્રોજેકટમાં ૩૦ ટકા કામ બાકી હશે તો પ્રોજેકટ પુરો થાય ત્યાં સુધી આર્થિક મદદ કરાશે, જેથી હોમ બાયર્સને ઝડપથી મકાનના પઝેશન આપી શકાય.

કેન્દ્ર સરકાર દ્વારા અધુરા પ્રોજેકટ માટે ફાળવવામાં આવનાર આ ભંડોળનો ઉપયોગ મુંબઇમાં **રૂા. બે કરોડથી** ઓછા, દિલ્હી – એન.સી.આર. અને ચેન્નાઇ તથા અન્ય મેટ્રો શહેરોમાં **રૂા. ૧.૫ કરોડ** અને અન્ય શહેરોમાં **રૂા.૧ કરોડથી** ઓછા મુલ્યના અધુરા મકાનો પુરા થવામાં થશે.

# Central Gujarat Chamber of Commerce & Industries
## મધ્ય ગુજરાત વ્યાપાર ઉદ્યોગ મંડળ



Chairman
**Bharat R. Gupta**
9825413877

President
**Jayendra N. Shah**
9825045454

Vice President
**Dakshay H. Thakkar**
9898028455

Hon. Secretary
**Nimesh V. Mehta**
9825011483

Jt. Hon. Secretary
**Dr. Rajesh K. Shah**
9327226886

Treasurer
**Sanjay K. Patel**
9909033836

I.P. President
**Kalpesh M. Shah**
9825007914



**Vanijya Bhavan**
Race Course,
Vadodara-390 007.
Phone : 2335141
Fax. 0265-2335142
E-mai : info@cgcci.in
Website : www.cgcci.in


આર્થિક મંદીના કારણે નાણાંકીય કટોકટી વધૂ ઘેરી બની રહી છે. ફંડના અભાવ અને ઘટી રહેલી માંગના કારણે પણ રીયલ એસ્ટેના ઘણાં પ્રોજેકટ સ્થગિત થઇ ગયેલા છે અને આ પ્રોજેકટમાં સભ્ય બની નાણાં રોકનાર હોમ બાયર્સના નાણાં પણ ફસાઇ ગયા છે, જેથી કેન્દ્ર સરકાર અને રીઝર્વ બેંક દ્વારા રીયલ એસ્ટેટ સેકટરની મુશ્કેલીઓનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આપશ્રીને જણાવવાનું કે ગુજરાતમાં ડેવલોપમેન્ટ ઓથોરીટી, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ દ્વારા છેલ્લા ત્રણ ચાર વર્ષમાં બાંધકામની નવીન પરમીશનો આપવામાં આવી છે, જે અંતગર્ત અમુક બાંધકામો ચાલુ થયા છે, જયારે કેટલાંક તો હજુ શરૂ જ નથી થયા, મંદી અને આર્થિક ભીંસના કારણે કેટલાક પ્રોજેકટ તો ચાલુ જ નથી થઇ શકયા અથવા તો અધવચ્ચે જ રોકાયેલા છે, તો આપશ્રીને અમારી નમ્ર વિનંતી કે ઉકત વિગત ધ્યાને લઇ ગુજરાતમાં **સને ૨૦૧૬**થી જે રજાચિઠ્ઠીઓ આપવામાં આવી છે, તેને **આગામી ૧૦ વર્ષ** સુધી વધુ લંબાવી આપવામાં આવે, જેના કારણે રાજયના તમામ બાંધકામ પ્રોજેકટો સરળ રીતે પુરા કરી શકાય . આપશ્રી દ્વારા આ અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવશે તો હાલ રીયલ એસ્ટેટ સેકટરને પ્રર્વતમાન મંદીમાંથી બહાર નીકળવાનો માર્ગ જરૂર મળી રહેશે.

# Central Gujarat Chamber of Commerce & Industries
## મધ્ય ગુજરાત વ્યાપાર ઉદ્યોગ મંડળ

Chairman
Bharat R. Gupta
9825413877

President
Jayendra N. Shah
9825045454

Vice President
Dakshay H. Thakkar
9898028455

Hon. Secretary
Nimesh V. Mehta
9825011483

Jt. Hon. Secretary
Dr. Rajesh K. Shah
9327226888

Treasurer
Sanjay K. Patel
9909033836

I.P. President
Kalpesh M. Shah
9825007914

Vanijya Bhavan
Race Course,
Vadodara-390 007.
Phone : 2335141
Fax. 0265-2335142
E-mai : info@cgcci.in
Website : www.cgcci.in

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે આપશ્રીએ ઘણા સુધારાઓ સહિત વિવિધ પોલિસીઓમાં અનેકવિધ છુટછાટો આપેલી છે, જેના કારણે અનેક ઉધોગો મંદીમાંથી બહાર આવી શકયા છે, તો અમારી ઉપરોકત રજુઆતને ધ્યાને લઇ સમગ્ર ગુજરાતમાં બાંધકામ માટે આપવામાં આવેલ રજા ચિઠ્ઠીઓને આગામી **૧૦ વર્ષ** સુધી લંબાવી આપવા સંબંધકર્તાને જરૂરી આદેશ થવા નમ્ર વિનંતી છે.

**સહકારની અપેક્ષા અને આભાર સહ**

**આપનો વિનમ્ર**

(જયેન્દ્રભાઇ એન. શાહ)
**પ્રમુખ**

**સવિનય નકલ રવાના**

૧. મા. પ્રમુખ શ્રી ક્રેડાઇ અમદાવાદ, વડોદરા,સુરત અને રાજકોટ
૨. મા. પ્રમુખશ્રી જી.સી.સી.આઇ. અમદાવાદ
૩. મા. પ્રમુખશ્રી, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ
૪. મા. પ્રમુખશ્રી, ભાવનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ
૫. મા.પ્રમુખશ્રી, સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ
૬. મા. પ્રમુખશ્રી, ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ હાઉસીંગ એન્ડ એસ્ટેટ ડેવલોપર GIHED અમદાવાદ